જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૦૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૩૧ | ૧૩ | ૧૧૦૪૪ | ૧૭૧૬૨ | ૧૩ | ૧૭૧૭૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૭૯ | ૩ | ૪૬૮૨ | ૬૨૦૨ | ૩ | ૬૨૦૫ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૨૭૪૪ | ૨૬૪ | ૨૩૦૦૮ | ૨૩૯૧૯ | ૨૬૮ | ૨૪૧૮૭ |
| | કુલ | ૩૮૫૧૬ | ૨૮૦ | ૩૮૭૯૬ | ૪૭૫૪૩ | ૨૮૪ | ૪૭૮૨૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭૮ | ૧૪,૬૦,૨૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૭૯ | ૩૯,૭૯,૦૦૦/- |

# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન</u>

## <u>ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ મળી કુલ બોટલ નંગ- ૧૪૦/- મળી કુલ્લે કિ.રૂ.૨૬,૮૫૦ /- ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી.ઢોડીયા તથા પો.સ.ઇ. એમ.સી.જાડેજા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ તથા લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસિંહ બ.ન.૪૫૧ નાઓને સંયુક્ત રીતે ચોક્કસ ખાનગી બાતમી મળેલ કે "રીપેશ ઉર્ફે લુકડી ધીરસિંગ માછરેકર નાનો અર્જુનનગર સત્યનારાયણ દુધ ઘરની સામે પોતાના કબ્જાના મકાનમા કેટલોક ભારતીય બનાવાટનો વિદેશી દારુ નો જથ્થો છુપાવી રાખેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકત વાળી જગ્યાએ રેડ કરતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થો મળી આવતાં સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)બી મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.તારીખ-૨૧/૧૨/૨૦૨૦

<u>**આરોપીઓના નામ-**</u>(નહી પકડાયેલ આરોપી) રીપેશ ઉર્ફે લુકડી ધીરસિંગ માછરેકર રહે.અર્જુનનગર છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર

<u>મુદ્દામાલ-</u>ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલ નંગ-૧૪૦ કિ.રૂ.૨૬,૮૩૦/-

<u>કામગીરી કરનાર અધીકારી / કર્મચારી-</u>

(૧) પો.ઇ.એમ.એમ.સોલંકી (૨)પો.સ.ઇ.એમ.જી.ઢોડીયા (૩) પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) હે.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ (૫) હે.કો રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ (૬) પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ (૭) પો.કો મુળરાજસિંહ દિવાનસિંહ બ.ન.૪૭૩૪ (૮) લોકરક્ષક ગોપાલસિંહ દશરથસિંહ બ.ન.૬૭૧ (૯) લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસિંહ બ.ન.૪૫૧(૧૦) લોકરક્ષક દિવ્યરાજસિંહ કિશોરસિંહ બ.ન.૧૨૯૬૯ વિગેરે.



# પાસા અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## જુગાર સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહી-જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા સારુ તેમજ આવા અસામાજિક પ્રવૃત્તિઓ કરનારાઓ ઉપર પાસા જેવા અટકાયતી પગલા લેવા સારુ જણાવેલ જે અંગે વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. દાખલ થયેલ જુગારધારા હેઠળ ગુનાને શોધી વટવા પો.સ્ટે. ખાતે દાખલ થયેલ વટવા પો.સ્ટે. પાર્ટ-એ-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૧૦૫૩/૨૦૨૦ ધી જુગાર ધારાની કલમ- ૪, ૫ મુજબના ગુનાનો આરોપી હસીબઅહેમદ રફીકઅહેમદ અંસારી ઉવ.૨૮ રહે- મ.નં.એ/૧૬૮, અલકુબા પાર્ક સોસાયટી, બેદુજી કોમ્પલેક્ષની પાછળ, સદાની ધાબી, વટવા-નારોલ કેનાલ રોડ, વટવા, અમદાવાદ શહેર નાઓ ગુજરાત રાજ્યમાં "ગેમ્બલિંગ" એક ગુનો છે અને જુગાર રમી રમાડવો એક ગુનો છે તેમ જાણવા છતા સદરી આરોપી પોતાની કબ્જાવાળી જગ્યામાં પોતાના આર્થિક લાભ સારુ ઓનલાઈન સટ્ટા બેટીંગનો જુગાર રમાડતો હોય સદરી આરોપી વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૮૩/૨૦૨૦ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શહેરકોટડા વિસ્તારમાં શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે કુલદિપ લક્ષ્મણસિંહ જાતે જાટવ ઉ.વ.૨૧ રહે.ઓમપ્રકાશની લાઈન, હનુમાનનગર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં નં.(૧) શહેરકોટડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં..૩૦૭/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૨૭૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૯/૨૦૨૦ તા.૨૨/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૨૨/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૨૨/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક જતીનકુમાર દિનેશભાઈ બ.નં.૧૨૭૯૮

(૩) લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫

(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## શાહીબાગ પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ જતીન કપ્તાનસિંગ જવાનસિંગ દીદાવાલા ઉ.વ.૩૯ રહે:મહાજનીયા વાસ યુ.કે.ભાટીયાના દવાખાનાની બાજુમાં ગલીમાં નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર ના વિરુદ્ધ (૧) શાહીબાગ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૨૦૦૫/૨૦૨૦ ઈ.પી.કો.કલમ,૩૭૯, ૫૧૧,૧૧૪ મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૧૦૩૧૨૦૨૦૦૬/૨૦૨૦ ઈ.પી.કો.કલમ,૩૭૯, મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૮૦/૨૦૨૦ તા.૨૨/૧૨/૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૨/૧૨/૨૦૨૦ ના કલાક:૨૧/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે મોકલી આપેલ.

### આરોપીનુ નામ:-

જતીન કપ્તાનસિંગ જવાનસિંગ દીદાવાલા ઉ.વ.૩૯ રહે:મહાજનીયા વાસ યુ.કે.ભાટીયાના દવાખાનાની બાજુમાં ગલીમાં નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૨/૨૦૨૦**

**કાલુપુરઃ** રાધેશ્યામ મોહનલાલ જોષી (ઉ.વ.૪૬) (રહે. કાચવાડો રાયપુર) એ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન કાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૮૬૯૦૨૪૫૭૭૩ ના ધારક અજાણ્યા પુરૂષે માહે ઓક્ટોબર/૨૦૨૦ થી અવાર-નવાર મોબાઇલ ફ્રોન પર વાતચીત કરી મિત્રતા કેળવી વિશ્વાસમાં લઈ તા.૨૧/૧૨/૨૦૨૦ ના રોજ સવારના ૧૧/૦૦ વાગ્યાથી સાજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાધેશ્યામ જોષીને ફ્રોન કરી જણાવેલ કે મારે પૈસાની જરૂર છે તેથી સોનાનો સેટ વેચાણ આપવાનો છે જેની બજારમાં વધારે રકમ ઉપજશે તે તમે લઈ લો તેમ કહી લાલચ આપી સોનાના સેટની કિમત રૂપિયા ૪,૭૫,૦૦૦/- નક્કી કરી રાધેશ્યામ જોષીને પૈસા લઈ કાલુપુર રેલ્વે સ્ટેશન નાજીક બોલાવી એક બેગ આપી "બેગમાં સોનાના સેટ છે રસ્તામાં બેગ ખોલવી જોખમ કહેવાય એટેલે ઘરે જઈને ખોલજો" તેમ કહી નક્કી કરેલ રૂપિયા ૪,૭૫,૦૦૦/- મેળવી લઈ બેગમાં પ્લાસ્ટીકની ટેપથી કવર કરેલ બોક્ષમા જુના પેપરના ડુચા આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૩/૨૦૨૦**

**વેજલપુરઃ** વસીમઅહેમદ મોહંમદઅલી સૈયદ (રહે. દયાનંદ સોસાયટી હરીયાળી સોસાયટી પાસે યુનાઇટેડ ફ્લેટની બાજુમા મેમણ હોલ રોડ જુહાપુરા) એ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૨/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ઘડીયાળ નંગ-૪ કિમત રૂપિયા ૧૦,૫૦૦/-, એલ.ઈ.ડી.ટીવી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૫૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સુરેખાબહેન રમેશભાઇ પટેલ (રહે. હરિવીલા ફ્લેટ બાપા સિતારામ ચોક નવા નરોડા કૃષ્ણનગર) એ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.30/૦૧/૨૦૨૦ રાતના ૮/00 થી તા.૧૫/૦૨/૨૦૨૦ કલાક ૮/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૬,૮૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૪/૨૦૨૦**

**શહેરકોટડાઃ** રાજેન્દ્રસિંહ બાબુસિંહ રાજપુત (રહે. ભેરાજી ગુમાજીની ચાલી પ્રજાપતિ હોલ સામે ચમપુરા અસારવા) એ તા.૨૨//૧૨/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૦ કલાક ૬/00 થી તા.૨૧/૧૨/૨૦૨૦ સાજના ૫/30 વાગ્યા દરમ્યાન સરસપુર સુમેલ-૧૦ દુકાન નંબર-એલ-૧ સ્પીડકાર્ગો ટ્રાંસપોર્ટની ઓફીસ બહાર સીડી પાસેથી અલગ-અલગ કાપડના થાન પાર્સલ-૫ કિમત રૂપિયા ૮૫,૪૭૯/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૫/૨૦૨૦**

**એરપોર્ટઃ** જીતુભાઇ કનૈયાલાલ ભીલ (ઉ.વ.૩૫) (રહે.રમેશદત્ત કોલોની ભીલવાસ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૦ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ પુનાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** વસંતભાઇ ડાહ્યાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૫) (રહે. શિવમ ફ્લેટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૦ સાજના ૭/30 થી રાતના ૮/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી હાર્દિકકુમાર દુગાશંકર ચલાવે છે.

**બાપુનગરઃ** મહેશભાઇ કનૈયાલાલ મહાવર (ઉ.વ.૪૦) (રહે.પાર્વતીનગર રઘુનાથ સ્કુલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૦ ના રોજ પોતાના ઘરે પોતાના શરીર પર પોતાની જાતે પેટ્રોલ છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૨૦ બપોરના ૧/00 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી